**સ્પે. કંપની કેસ નં.૫/૨૦૨૨**

**<u>આરોપી પ્રીતેશ મહેન્દ્રભાઈ પટેલની આંક–૯૭ ની ડીસ્ચાર્જ અરજી હેઠળ હુકમ :</u>**

**૧.** આરોપી પ્રીતેશ મહેન્દ્રભાઈ પટેલનાઓએ હાલની અરજી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ મુજબ તહોમત મુકત કરવા માટે અત્રેની અદાલતમાં કરેલ છે. આ ગુનાના કામના આરોપી પ્રીતેશ મહેન્દ્રભાઈ પટેલનાઓ સામે પ્રોસીકયુશનના કેસ મુજબ, જી.આઈ.એલ. કંપનીમાં ફરજ બજાવતા આરોપીઓ ધ્વારા કંપની સાથે છેતરપીંડી અને ઉચાપત કરેલ છે અને તે રકમ જુદા જુદા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને તે પૈકી એક એકાઉન્ટ હાલના અરજદાર/આરોપી પ્રીતેશ મહેન્દ્રભાઈ પટેલના બ્લેક બોક્ષ કંપનીના ખાતામાં જી.આઈ.એલ. કંપનીમાંથી કુલ રકમ રૂ.૨,૪૭,૮૩,૪૨૮/– ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને તે કારણથી અરજદાર/આરોપી અન્ય આરોપીઓ સાથે મેળાપીપણામાં અને ગુનાહિત કાવતરામાં સામેલ હોય, અરજદાર/આરોપી સામે ગાંધીનગર સેકટર–૭ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૧૨૧૬૦૦૮૨૨૦૨૩૫–૨૦૨૨ ના કામમાં ઈ.પી.કો.કલમ–૩૪, ૨૦૪, ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૭(એ), ૧૨૦(બી) તથા કંપની એકટની કલમ–૪૪૭, ૪૬૨ તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ–૧૩(૧) (એ), ૧૩(૨), ૧૨ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલું છે.

**૨.** અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આઈ.આર.નાગોરીએ દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપી બ્લેક બોક્ષ કંપનીમાં સોફટવેર બનાવવાનું કામ કરે છે અને જી.આઈ.એલ. કંપનીમાં તે સોફટવેરની કામગીરી કરી તેનું પેમેન્ટ

તેઓએ નિયમોનુસાર મેળવેલ છે અને તેમાંથી તેઓએ ભરવા પાત્ર થતી ટેક્ષની જી.એસ.ટી.ની રકમ પણ ભરપાઈ કરેલી છે અને તેથી એવું કહી શકાય નહીં કે, અરજદાર/આરોપી અને તેની બ્લેક બોક્ષ કંપનીએ અન્ય આરોપીઓની સાથે મળી ગુનાહિત કાવતરાના ભાગ રુપે ગુનો આચરેલ છે. કંપની દ્વારા નિયમોનુસાર કાર્યવાહી અનુસરીને ટેક્ષ ઈનવોઈસ બનાવવામાં આવેલ છે અને જી.એસ.ટી. ની રકમ પણ ચૂકવવામાં આવેલ છે. અરજદાર/આરોપીનો ગુનાના કામે કોઈ રોલ નથી કે સમગ્ર ચાર્જશીટ જોતાં કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે જેનાથી આરોપી સામેની ટ્રાયલ ચાલુ રાખી શકાય. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે રકમ ભરપાઈ કરવાનો હુકમ કરેલો તે સંપૂર્ણ રકમ અરજદાર/આરોપી દ્વારા જી.આઈ.એલ. કંપનીને ભરપાઈ કરવામાં આવેલ છે. વધુમાં પોલીસે તપાસના અંતે ચાર્જશીટ રજૂ કરેલ છે. સમગ્ર ચાર્જશીટમાં આરોપી સામે કોઈ પ્રાઈમાફેસી કેસ બનતો હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર આવ્યો નથી જેથી પણ આરોપીની ડીસ્ચાર્જ અરજી મંજૂર કરવા જણાવેલ છે.

3. શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી પી.એમ.ત્રિવેદીએ દલીલ કરતા જણાવેલ છે કે, આરોપી નં.૧ થી ૪ નાઓએ ભેગા મળી અલગ અલગ કંપનીઓને ચૂકવવાના થતા નાણાંના ખોટા વાઉચરો ઉભા કરેલા છે અને પોતાના મળતીયા માણસોની કંપનીના બેંક એકાઉન્ટમાં ઉચાપતના નાણાં ખોટી રીતે બતાવી ચૂકવવામાં આવેલા છે. જી.આઈ.એલ. કંપનીમાં કોઈ કામગીરી કરવામાં આવેલ નથી તેવું જાણતા હોવાછતાં ખોટા વાઉચર, ખોટા બીલો વિગેરે ઉભા કરી તેના પેમેન્ટના ઓર્ડરો બનાવી, પોતાની મળતીયા કંપનીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર

કરાવેલા અને સદર ખાતામાંથી રોકડા ઉપાડી જી.આઈ.એલ.કંપની સાથે ગુનાહિત ઉચાપત કરેલ છે. ફોરેન્સીક ઓડીટના રીપોર્ટ અન્વયે જી.આઈ.એલ. કંપની ઘ્વારા કુલ રુ.૪૦,૨૭,૬૫,૧૮૬/- ની રકમની શંકાસ્પદ ચૂકવણી થયેલી છે. આ અરજદારના બેંક એકાઉન્ટમાં કુલ રુ.૨,૪૭,૮૩,૪૨૮/- ની રકમ જી.આઈ.એલ. કંપનીમાંથી ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને આ અરજદાર/આરોપી ઘ્વારા જી.આઈ.એલ.કંપનીમાં કોઈપણ પ્રકારનું સોફટવેરનું કામકાજ કરેલ નથી તેમછતાં ખોટા ઈનવોઈસ બનાવેલ છે અને ખોટી રીતે કોઈપણ પ્રકારની જી.આઈ.એલ. કંપનીને સેવા કે સોફટવેર આપ્યા વગર આ રકમ પોતાના ખાતામાં મેળવેલી છે. પ્રોસીકયુશનનો એવો કેસ છે કે બધાજ આરોપીઓએ ગુનાહિત કાવતરાના ભાગરુપે જી.આઈ.એલ. કંપનીના ખોટા બીલો ઉભા કરી કોઈપણ પ્રકારની કામગીરી કે સેવા જી.આઈ.એલ.કંપનીને આપેલ ન હોવાછતાં તે રકમની ચૂકવણી ના ખોટા દસ્તાવેજો અને ગેરરીતિ આચરી ચૂકવવામાં આવેલ છે. આરોપી સામે તપાસના કામે પૂરતો પુરાવો છે કે જેના ઉપર આરોપી સામે ચાર્જ ફ્રેમ કરી ટ્રાયલ ચલાવી શકાય. તપાસ કરનાર અધિકારીએ એફીડેવીટ રજૂ કરેલી છે તેના ઉપર આધાર રાખી ડીસ્ચાર્જ અરજી રદ કરવા રજૂઆત કરેલી છે.

૪. આરોપી તરફે વિ.વ.શ્રી આઈ.આર.નાગોરીને અને સરકાર તરફે વિ.પી.પી. શ્રી પી.એમ.ત્રિવેદીને સાંભળ્યા. આરોપીની તહોમત મુકત કરવાની અરજીની હકીકત, તપાસ કરનાર અધિકારીએ રજૂ રાખેલ સોગંદનામુ તેમજ કેસ પેપર્સ વંચાણે લીધા. વધુમાં ક્રી.પ્રો.કોડની કલમ-૨૩૯ અને કલમ-૨૨૭ ની જોગવાઈ ઘ્યાને લેતાં તે નીચે મુજબ છે.

<u>ક્રી.પ્રો.કોડની કલમ ૨૩૯ : (આરોપીને કયારે છોડી મૂકવામાં આવશે)</u>

''જો કલમ-૧૭૩ નીચે મોકલવામાં આવેલા પોલીસ રીપોર્ટ અને તેની

સાથેના દસ્તાવેજોને વિચારણામાં લઈ અને મેજીસ્ટ્રેટને જરુરી લાગે તે રીતે, આરોપીની, જો કાંઈ હોય, એવી પૂછપરછ કરતાં અને ફરીયાદ પક્ષ તથા આરોપીને સાંભળવાની તક આપ્યા પછી, આરોપી વિરુધ્ધના તહોમતનામા ને મેજીસ્ટ્રેટને કારણ વિનાનું જણાય તો તે આરોપીને છોડી મૂકશે, અને તે પ્રમાણે કરવા માટેના તેમાં કારણોની નોંધ કરશે.''

<u>ક્રી.પ્રો.કોડની કલમ ૨૨૭ : ( બિનતહોમતે છૂટકારો/મુકિત)</u>

'' કેસનું રેકર્ડ અને તેની સાથે રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોને વિચારણા માં લેતાં અને આ સંબંધમાં આરોપી અને ફરીયાદીની રજૂઆતોને સાંભળ્યા પછી, જો જજ વિચારે કે આરોપીની વિરુધ્ધમાં આગળ વધવાને પૂરતું કારણ નથી તો તે આરોપીને છૂટકારો આપશે અને તે પ્રમાણે કરવા માટેનાં તેના કારણોની નોંધ કરશે.''

૪.૧ વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ***Union of India Vs. Prafulla Kumar Samal & Ors* 1979 (3) SCC 4** ના ચૂકાદાના પેરા–૭ માં ક્રી.પ્રો.કોડની કલમ–૨૨૭ ના સિધ્ધાંતોની વિસ્તૃત ચર્ચા કરેલ છે અને પેરા–૧૦ માં નીચે પ્રમાણેના સિધ્ધાંતોનો સારાંશ આપેલ છે.

*"7. Section 227 of the Code runs thus:*

*"If, upon consideration of the record of the case and the documents submitted therewith, and after hearing the submissions of the accused and the prosecution in this behalf, the Judge considers that there is not sufficient ground for proceeding against the accused, he shall discharge the accused and record his reasons for so doing." The words "not sufficient ground for proceeding against the accused" clearly show that the Judge is not a mere post office to frame the charge at the behest of the prosecution, but has to exercise his judicial mind to the facts of the case in order to determine whether a case for trial has been made out by the prosecution. In assessing this fact, it is not necessary for the court to enter into the pros and cons of the matter or into a weighing and balancing of evidence and probabilities which is really his function after the trial starts. At the stage of Section 227, the Judge has merely to sift the evidence in order to find out whether or not*

*there is sufficient ground for proceeding against the accused. The sufficiency of ground would take within its fold the nature of the evidence recorded by the police or the documents produced before the court which ex facie disclose that there are suspicious circumstances against the accused so as to frame a charge against him."*

*"10. Thus, on a consideration of the authorities mentioned above, the following principles emerge:*

*(1) That the Judge while considering the question of framing the charges under Section 227 of the Code has the undoubted power to sift and weigh the evidence for the limited purpose of finding out whether or not a prima facie case against the accused has been made out.*
*(2) Where the materials placed before the Court disclose grave suspicion against the accused which has not been properly explained the Court will be fully justified in framing a charge and proceeding with the trial.*
*(3) The test to determine a prima facie case would naturally depend upon the facts of each case and it is difficult to lay down a rule of universal application. By and large however if two views are equally possible and the Judge is satisfied that the evidence produced before him while giving rise to some suspicion but not grave suspicion against the accused, he will be fully within his right to discharge the accused.*
*(4) That in exercising his jurisdiction under Section 227 of the Code the Judge which under the present Code is a senior and experienced court cannot act merely as a Post Office or a mouthpiece of the prosecution, but has to consider the broad probabilities of the case, the total effect of the evidence and the documents produced before the Court, any basic infirmities appearing in the case and so on. This however does not mean that the Judge should make a roving enquiry into the pros and cons of the matter and weigh the evidence as if he was conducting a trial."*

**૫.** આરોપીઓ સામે આક્ષેપાચેલ ગુનાની હકીકત મુજબ આરોપી નં.૧ થી ૪ નાઓએ ભેગા મળી અલગ અલગ કંપનીઓને ચૂકવવાના થતા નાણાંના ખોટા વાઉચરો ઉભા કરેલા છે અને પોતાના મળતીયા માણસોની કંપનીના બેંક એકાઉન્ટમાં ઉચાપતના નાણાં ખોટી રીતે બતાવી ચૂકવવામાં આવેલા છે. જી.આઈ.એલ. કંપનીમાં કોઈ કામગીરી કરવામાં આવેલ નથી તેવું જાણતા હોવાછતાં ખોટા વાઉચર, ખોટા બીલો વગેરે ઉભા કરી તેના પેમેન્ટના ઓર્ડરો

બનાવી પોતાના મળતીયા કંપનીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવેલા અને સદર ખાતામાંથી રોકડા ઉપાડી જી.આઈ.એલ. કંપની સાથે ગુનાહિત ઉચાપત કરેલ છે. ફોરેન્સીક ઓડીટરના રીપોર્ટ અન્વયે જી.આઈ.એલ. કંપની ધ્વારા રુ.૪૦,૨૭,૬૫,૧૮૬/- ની રકમની શંકાસ્પદ ચૂકવણી થયેલી છે. અરજદારના બેંક એકાઉન્ટમાં કુલ રુ.૨,૪૭,૮૩,૪૨૮/- ની રકમ જી.આઈ.એલ. કંપની માંથી ટ્રાન્સફર કરવામાં આવેલ છે અને અરજદાર/આરોપી ધ્વારા જી.આઈ.એલ. કંપનીમાં કોઈપણ પ્રકારનું સોફ્ટવેરનું કામકાજ કરેલ નથી, તેમછતાં ખોટું ઈનવોઈસ બનાવેલ છે અને ખોટી રીતે કોઈપણ પ્રકારની જી.આઈ.એલ. કંપની ને સેવા કે સોફ્ટવેર આપ્યા વગર આ રકમ પોતાના ખાતામાં મેળવેલી છે. પ્રોસીકયુશનનો એવો કેસ છે કે બધાજ આરોપીઓએ ગુનાહિત કાવતરાના ભાગ રુપે જી.આઈ.એલ. કંપનીના ખોટા બીલો ઉભા કરી કોઈપણ પ્રકારની કામગીરી કે સેવા જી.આઈ.એલ. કંપનીને આપેલ ન હોવાછતાં તે રકમની ચૂકવણીના ખોટા દસ્તાવેજો ગેરરીતિ આચરી બનાવવામાં આવેલા છે.

૫.૧ હાલના અરજદાર/આરોપીનો ગુનાના કામે રોલ જોવામાં આવે તો તેઓએ આ ગુનાના મુખ્ય સૂત્રધાર રુચિ ભાવસાર સાથે મળી કોઈપણ જાતનું સોફ્ટવેર બનાવવાનો ધંધો કરતો ન હોવાછતાં, અને કોઈપણ જાતનું સોફ્ટવેર બનાવ્યા સીવાય ખોટા ઈનવોઈસ બીલ બનાવી તેની કલર પ્રીન્ટ કઢાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી,જીઆઈએલ કંપનીનું ઈ-મેઈલ એડ્રેસ મેળવી તેના ઉપર એકસેલ ફાઈલમાં કી મોકલેલ જે ઈ-મેઈલ એડ્રેસનો જીઆઈએલ કંપની વર્ષોથી ઉપયોગ કરતી નથી. તે રીતે પોતાના અંગત આર્થિક ફાયદા સારું કોઈપણ જાતના ટેન્ડર વિના કંપનીનું કોઈપણ જાતનું કામ કરેલ ન હોવાછતાં સહઆરોપીઓ સાથે મળી કુલ રુ.૨,૪૭,૮૩,૪૨૮/- ની સરકારી

નાણાંની ઉચાપત કરેલ છે.

૬. હાલના અરજદાર/આરોપીને ચાર્જશીટમાં આરોપી તરીકે દર્શાવવામાં આવેલા છે. તપાસમાં જે પુરાવો આવેલ છે તેમાં અરજદાર/ આરોપી ની બ્લેક બોક્ષ કંપનીના ખાતા નં.૫૦૨૦૦૦૨૮૫૧૩૨૦૮ માં તા.૧૦–૦૨–૨૦૨૨ , તા.૨૨–૦૩–૨૦૨૨ અને તા.૨૮–૦૩–૨૦૨૨ નારોજ રુ.૨,૪૭,૮૩,૪૨૮/– જી.આઈ.એલ. કંપનીમાંથી ચૂકવવામાં આવેલ છે. તપાસના કાગળોમાંથી પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે કે, આ અરજદાર/ આરોપીની બ્લેક બોક્ષ કંપની દ્વારા કોઈપણ પ્રકારની સેવાઓ જી.આઈ.એલ. કંપનીને આપવામાં આવેલ નથી અને તેથી તેઓની રજૂઆત કે ચોકકસ ઈનવોઈસ બનાવેલ છે અને જી.એસ.ટી. પણ ચૂકવેલ છે તે દલીલ માનવા લાયક નથી. કારણ કે જયારે કોઈ સેવા જ પૂરી પાડેલ ન હોય, જયારે જી.આઈ.એલ. કંપની સાથે કોઈપણ પ્રકારનો કોન્ટ્રાકટ ન હોય, ત્યારે જે રકમ ટ્રાન્સફર થયેલ છે તે ગેરકાયદેસર રીતે થયેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. વધુમાં જી.આઈ.એલ. કંપનીના ઓડીટ દરમ્યાન એવું ખૂલવા પામેલ કે, જી.આઈ.એલ. કંપની દ્વારા વિવિધ કંપનીઓને કોઈપણ પ્રકારની કામગીરી આપેલ ન હતી કે કોઈ સેવા લીધેલી ન હોવાછતાં તેઓના ખાતામાં આર.ટી.જી.એસ.થી જી.આઈ.એલ.કંપનીના અધિકારી દ્વારા ઉચાપત ના ભાગ રુપે રકમ ચૂકવવામાં આવેલ છે અને તે ગુનાના કામે આરોપીઓ દ્વારા ખોટા બીલો, ખોટા વાઉચર્સ અને ખોટા પેમેન્ટ ઓર્ડર તૈયાર કરવામાં આવેલા છે અને જેના આધારે વિવિધ ખાતાઓમાં રકમો ચૂકવવામાં આવેલ છે. પ્રથમ દર્શનીય રીતે આરોપીઓનું કૃત્ય સરકારી કંપની ગુજરાત ઈન્ફોટેક લીમીટેડ નાઓની સાથે ગુનાહિત ઉચાપત કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. સ્ટેચ્યુટરી ઓડીટના આધારે આશરે રુ.૪૦,૨૭,૬૫,૧૮૬/– ની

રકમની ચૂકવણી કરવામાં આવેલી છે તેવું જણાવવામા આવેલ છે. અરજદારનું કથન કે નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ પ્રમાણે તેઓએ કંપનીને રકમ પરત ચૂકવી આપેલી છે પરંતુ તેટલા કારણથી આરોપીને ડીસ્ચાર્જ કરવાની રજૂઆત ગ્રાહય રાખવા પાત્ર જણાતી નથી. તપાસના કામે આરોપી સામે જે પુરાવો આવેલ છે તે ધ્યાને લેતાં આરોપી સામે ટ્રાયલ ચલાવી શકાય તેટલો પુરતો પુરાવો છે.

**૭.** આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાનમાં લઈ આરોપી પ્રીતેશ મહેન્દ્રભાઈ પટેલ સામે ટ્રાયલ ચલાવવા માટે પ્રથમ દર્શનીય રીતે પૂરતા પુરાવા રેકર્ડ ઉપર આવેલ હોવાનું જણાઈ આવતું હોય, ન્યાયના હિતમાં નીચે પ્રમાણેનો હુકમ કરવામાં આવે છે.

**<u>: આખરી હુકમ :</u>**

(૧) આરોપી પ્રીતેશ મહેન્દ્રભાઈ પટેલની આંક–૯૭ થી રજૂ થયેલ તહોમત મુકત કરવાની અરજી આથી ના–મંજૂર કરવામાં આવે છે.

(૨) સદર કામ આરોપી વિરુધ્ધ તહોમતનામુ ફરમાવવા માટે રાખવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૯/૦૪/૨૦૨૫

(કમલ એમ. સોજીત્રા)
વિશેષ ન્યાયાધીશ (COMPANY ACT)
તથા મુખ્ય જીલ્લા ન્યાયાધીશ
અમદાવાદ(ગ્રામ્ય)નવરંગપુરા.

પી.આર.આચાર્ય
પી.એસ.